અપીલ અરજી નં.૨૯૩ તા.૯–૧૨–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સુરેશ એમ. પટેલ

સામાવાળાઃ– શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૦–૧૧–૦૯ ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘર. નં.૪/૩૬૦ વાળી મિલકતમાં હાલ કારખાનું ચાલે છે કે બંધ છે તેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૯–૧૨–૦૯ ની અપીલ અરજી નં.૨૯૩/૨૦૦૯–૧૦

શ્રી સુરેશ એમ. પટેલની તા.૧૦–૧૧–૦૯ ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘર. નં.૪/૩૬૦ વાળી મિલકતમાં હાલ કારખાનું ચાલે છે કે બંધ છે તેની માહિતી આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આ./૧૧૮૬ તા.૪–૧૨–૦૯ થી આપેલ માહિતીનો જવાબ ખોટો અને સંતોષકારક ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૯–૧૨–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૨૭ તા.૧૬–૧૨–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક માહિતી મળેલ નથી.

અરજદારની તા. ૧૦–૧૧–૦૯ ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘર. નં.૪/૩૬૦ વાળી મિલ્કતમાં હાલ કારખાનું ચાલે છે કે બંધ છે તેની માહિતી માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૧૮૬ તા.૪–૧૨–૦૯ થી " ૪/૩૬૦ વાળી મિલ્કતમાં કારખાનું બંધ છે કે ચાલુ છે જે માહિતી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. " તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેના સંદર્ભે અરજદારે તા.૯–૧૨–૦૯ ના રોજ અપીલ અરજી કરી આપેલ જવાબ તદ્દન ખોટો અને સંતોષકારક નથી. તથા અરજદારે સ્થળ તપાસ કરી માહિતી આપી શકે તેમ ન કરતાં ખોટી માહિતી આપવામાં આવી છે શા માટે? અરજદારે ૪/૩૬૦ વાળી મિલ્કતમાં કારખાનું ચાલુ છે તે સાબિત થાય છે. આકારણીમાં કોમર્શીયલ કરવામાં આવેલ હોઈ સદર મિલ્કતનું કારખાનું ચાલુ છે તા.૩–૫–૦૯ સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૫૬૭ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી કારખાના ચાલે છે તે બાબતે બીપીએમસી એકટ ૧૮૬, ૨૬૩અને ૨૬૮ મુજબ કાર્યવાહી થઈ શકે આથી મિલ્કતમાં કારખાના ચાલે છે. તા.૭–૪–૦૭ ના રોજ આરટીઆઈ સેન્ટ્રલઝોન/આ.નં.૨૩ કાર્યપાલક ઈજનેર અને મ. જાહેર માહિતી અધિકારી મુદ્દા નં.૫ માં જણાવેલ છે કે ૪/૩૬૦ વાળી મિલ્કતમાં સેલો ૪૫ લીટર + લેકર ૩૦ લીટરની પરવાનગી સુરત મહાનગરપાલિકા પાસે લેવામાં આવેલ છે મતલબ કે ૪/૩૬૦ વાળી મિલ્કતમાં કારખાના ચાલુ છે. તા.૧૧–૧–૦૭ સી.ઝેડ/એસ.એન્ડ ઈ./આ.નં.૨૧૪ થી મ. જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૬ માં જણાવેલ કે સદર મિલ્કતમાં કારખાના ચાલે છે જેમાં ૬ કારીગર કામ કરે છે મતલબ કે ૪/૩૬૦ વાળી મિલ્કતમાં કારખાના ચાલુ છે. તા.૨૮–૧–૦૮ ના સ
ે.ઝોન/આ.નં.૯૨૪ આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૧૩ માં સદર મિલ્કતમાં ચાલતાં જરી ગીલીટના કારખાના માટે સુરત મહાનગરપાલિકા પાસે પરવાનગી લેવામાં આવેલ છે. મતલબ કે ૪/૩૬૦ વાળી મિલ્કતમાં કારખાનું ચાલે છે. તા.૨૮–૯–૦૭ ના એસ.એન્ડ.ઈ./સી.ઝેડ/જાવક નં.૧૮૩ થી આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીએ સદર મિલ્કતમાં કારખાના ચાલે છે જેનો નોંધણી નં.સી.ઝેડ/સી./૪/૧૦૯૬૧ તેમજ સી.ઝેડ/સી/૪/૧૨૪૨૮ થી કરવામાં આવેલ છે. મતલબ કે ૪/૩૬૦ વાળી મિલ્કતમાં કારખાનું ચાલે છે. તા.૨–૬–૦૯ ના આરોગ્ય સેનીટેશન /આ.નં.૨૭૭ માં શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારીએ સદર મિલ્કતોમાં સેલો, લેકર વિગેરે જવલનશીલ પદાર્થ કેમીકલ્સના પરવાના આરોગ્ય અધિકારી વિભાગ તરફથી આપવામાં આવેલ છે મતલબ કે ૪/૩૬૦ વાળી મિલ્કતમાં કારખાનું ચાલે છે. તા.૨–૯–૦૮ ના સે.ઝોન/આરોગ્ય સેનીટેશન /આ.નં.૧૯૬ આસી. કમિશ્નર જણાવેલ કે સદર મિલ્કતમાં જવલનશીલ પદાર્થ, કેમીકલ્સ જેવાકે સેલો, લેકર, એસીડ, સ્પીરીટનો પરવાનો જરી ગીલીટના બાકડા ચલાવવા માટે સુરત મહાનગરપાલિકાએ આપેલ છે. મતલબ કે ૪/૩૬૦ વાળી મિલ્કતમાં કારખાનું ચાલે છે આમ અરજદારે અપીલમાં તબકકે આધારો રજુ કરેલ છે. આમ અરજદારે જુદી જુદી તારીખે કરેલ અરજીના સંદર્ભે આપેલ માહિતી સંદર્ભે પોતાના મંતવ્યો રજૂ કરેલ છે. તેવું અપીલમાં જણાવેલ છે. પ્રસ્તુત કેસમાં અરજદારને જાહેર માહિતી અધિકારીએ તા.૧૯–૧૧–૦૯ ના રોજ દફતરી રેકર્ડ આધારીત માહિતી સી.ઝેડ/આરટીઆઈ/૧૧૮૬ તા. ૪–૧૨–૦૯ થી પૂરી પાડવામાં આવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામાં ડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.જયારે અરજદારે સ્થળ તપાસ કરી માહિતી પૂરી પાડવાનો આગ્રહ રાખેલ છે જે આરટીઆઈ કાયદા સાથે સુસંગત નથી. વધુમાં અરજદારે જુદી જુદી તારીખે આપેલ માહિતીના સંદર્ભો રજૂ કરેલ છે. અને તેમાં જાહેર માહિતી અધિકારીએ જે તે સંદર્ભે અને જે તે સમયના આધારે માહિતી આપેલ છે.

# હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૦–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીના બાબત હેઠળની મિલ્કતની લાગત દફતરની તપાસણી જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવીને આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળ કરી શકે છે. જે અંગે લાગુ કિસ્સામાં અરજદારે તપાસણી ફી ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી તેવી માંગણી થયે હુકમની અમલવારી કરવા શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને જણાવવામાં આવે છે .

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ : –૧ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ

(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,